Est. year: 2008 AISHE CODE : C-5833
GOVERNMENT ARTS COLLEGE,SHAHERA
At & Po: Kankari, Ta.Shahera, Dist: Panchmahal-389210
E-Mail : prin.gacshahera@gmail.com
Website : https://gacshahera.org
Accredited with 'B' Grade (CGPA 2.49)
Mo.No. 9924613039 (Office No.)02670-296535

તારીખ : ૧૭/૦૨/૨૦૨૬

# અહેવાલ

કાર્યક્રમનું નામ : One-Day Seminar on Intellectual Property Rights (IPR)

તારીખ : 14-02-2026

સ્થળ : ગોવિંદ ગુરુ હોલ, સરકારી વિનયન કોલેજ, શહેરા

વિદ્યાર્થીઓની સંખ્યા : 60

સરકારી વિનયન કોલેજ, શહેરાના સંસ્કૃત વિભાગ તથા SSIP સેલના સંયુક્ત ઉપક્રમે બૌદ્ધિક સંપત્તિ અધિકારો (Intellectual Property Rights – IPR) વિષયક એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક સંપત્તિ અધિકારો અંગે જાગૃતિ લાવવાનો અને સર્જનાત્મક કાર્યના સંરક્ષણનું મહત્વ સમજાવવાનો હતો.

કાર્યક્રમનો શુભારંભ સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવ્યો, ત્યારબાદ "વંદે માતરમ્" નું ગાન થયું. સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. શૈલેષકુમાર રાઉલજી દ્વારા ઉપસ્થિત વક્તાશ્રીઓનો પરિચય આપવામાં આવ્યો અને વક્તાશ્રીઓનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિન્હ અર્પણ કરીને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે કોલેજના આચાર્યશ્રી ડૉ. જયશ્રીબેન જોષી દ્વારા સેમિનારની રૂપરેખા રજૂ કરી પ્રસંગોચિત ઉદ્બોધન આપવામાં આવ્યું.

પ્રથમ સત્રમાં બે સેશન દરમ્યાન ડૉ. પ્રવીણસિંહ રાઠોડ એ "The Shield of Creativity: The Vital Role of Intellectual Property Rights" વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેમણે બૌદ્ધિક સંપત્તિના અધિકારોનું મહત્વ, સર્જનાત્મકતાના સંરક્ષણમાં તેની ભૂમિકા તથા તેના વિવિધ પાસાઓ અંગે સરળ ભાષામાં વિસ્તૃત સમજ આપી. બીજા સત્રમાં બે સેશન દરમ્યાન ડૉ. નયનકુમાર એમ. પટેલ એ "Intellectual Property Rights: Earning Wealth and Security" વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે IPR નો વ્યવસાય, આર્થિક વિકાસ અને સુરક્ષામાં કેટલો મહત્વનો ફાળો છે તે ઉદાહરણો દ્વારા સ્પષ્ટ કર્યું. ત્યારબાદ પ્રશ્નોત્તરી સત્ર યોજાયું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અનુસંધાનમાં અનુભવવક્તવ્ય રજૂ થયા જેમાં વિદ્યાર્થીઓએ સેમિનારથી પ્રાપ્ત થયેલ જ્ઞાન અને અનુભવો વ્યક્ત કર્યા. કાર્યક્રમના અંતિમ તબક્કામાં પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું. આભારવિધિ સંસ્કૃત વિભાગ દ્વારા કરવામાં આવી. અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત વિભાગના પ્રાધ્યાપક ડૉ. રાહુલ ત્રિવેદી દ્વારા સુચારૂ રીતે કરવામાં આવ્યું. આ સેમિનાર વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયક સાબિત થયો.

**આઉટકમ (Outcome)**

- વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક સંપત્તિ અધિકારો અંગે જાગૃતિમાં નોંધપાત્ર વધારો થયો.
- સર્જનાત્મક કાર્યના સંરક્ષણ અને તેના વ્યાવસાયિક મૂલ્ય અંગે સ્પષ્ટ સમજ વિકસિત થઈ.
- IPR અને આર્થિક વિકાસ વચ્ચેના સંબંધ અંગે વ્યવહારુ જ્ઞાન પ્રાપ્ત થયું.
- વિદ્યાર્થીઓમાં નવીનતા અને સંશોધન પ્રત્યે પ્રેરણા ઉત્પન્ન થઈ.


ગુજરાતમાં પવનને વેગે સત્યને શોધતું એકમાત્ર અખબાર

RNI No. : GJGUJ/25/A1901

પંચમહાલ એક્સપ્રેસ

સોશિયલ મીડિયા આવૃત્તિ પાક્ષિક

Owner & Editor : Nilesh N. Darji M : 94270 77781 I E-mail : nileshdarji525@gmail.com

14/02/2026 પંચમહાલ શહેરા

પંચમહાલ EXPRESS NEWS

સમાચાર અને જાહેરાત આપવા માટે સંપર્ક કરો


## શહેરાની સરકારી વિનયન કૉલેજ ખાતે 'બૌદ્ધિક સંપત્તિ અધિકાર' (IPR) વિષયક સેમિનાર સંપન્ન

**તંત્રી નિલેશભાઈ દરજી પંચમહાલ**




*શહેરા: સરકારી વિનયન કોલેજ, શહેરાના સંસ્કૃત વિભાગ તથા SSIP સેલના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં 'Intellectual Property Rights (IPR)' વિષય પર એક દિવસીય સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં બૌદ્ધિક સંપત્તિના અધિકારો અને સર્જનાત્મક કાર્યના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત 'વંદે માતરમ્' ના ગાન સાથે થઈ હતી, ત્યારબાદ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. શૈલેષકુમાર રાઉલજીએ વક્તાશ્રીઓનો પરિચય આપ્યો હતો અને આચાર્ય ડૉ. જયશ્રીબેન જોષીએ પ્રાસંગિક ઉદ્બોધન દ્વારા વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સેમિનારના પ્રથમ સત્રમાં ડૉ. પ્રવીણસિંહ રાઠોડે સર્જનાત્મકતાના સંરક્ષણમાં IPRની ભૂમિકા વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું, જ્યારે બીજા સત્રમાં ડૉ. નયનકુમાર એમ. પટેલે બૌદ્ધિક સંપત્તિ દ્વારા આર્થિક સુરક્ષા અને વ્યવસાયિક વિકાસના મહત્વને ઉદાહરણો સાથે સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી સત્ર બાદ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. રાહુલ ત્રિવેદીએ કર્યું હતું અને અંતે રાષ્ટ્રગાન સાથે સેમિનારની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી, જે વિદ્યાર્થીઓ માટે અત્યંત જ્ઞાનવર્ધક સાબિત થયો હતો.*













| સેમિનાર સંયોજક | સેમિનાર સહ-સંયોજક | આચાર્યશ્રી |
|---|---|---|
| ડૉ. શૈલેશકુમાર રાઉલજી | ડૉ. રાહુલ ત્રિવેદી | ડૉ. જયશ્રીબેન જોષી |
| અધ્યક્ષ સંસ્કૃત વિભાગ | મદદનીશ પ્રાધ્યાપક, સંસ્કૃત વિભાગ | સરકારી વિનયન કોલેજ શહેરા |